અમદાવાદના ઠગોએ સુરતના 22 કાપડના વેપારીને 1.24 કરોડનો ચૂનો ચોપડ્યો

ત્રણ દલાલ સહિત ચાર સામે છેતરપિંડીનો ગુનો દાખલ

સુરતઃ સહારા દરવાજા પાસે બેગમવાડી સ્થિત રાધાક્રિષ્ણા ટેક્સટાઈલ માર્કેટના વેપારી સહિત 22 વેપારી પાસેથી અમદાવાદ રેવડી બજારમાં કે.મોહિની ક્રિએશનના માલિકે ત્રણ કાપડ દલાલ સાથે મળી રૂપિયા 1.24 કરોડનો કાપડનો માલ ખરીદી પેમેન્ટ નહીં આપી છેતરપિંડી કરી હતી. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સલાબતપુરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગોડાદરા સ્થિત સફાયર-૮ રેસિડેન્સીમાં રહેતા 27 વર્ષીય ધીરજ ચેતનસ્વરૂપ રાઠી રિંગરોડની રાધાક્રિષ્ણા ટેક્સટાઈલ માર્કેટમાં માજીશા કલર ટ્રેડર્સના નામથી ડાયેબલ ચંદેરી ક્વોલિટીના ફીનીશ્ડ કાપડનો વેપાર કરે છે. તેમને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં અમદાવાદ રેવડી બજારમાં આવેલી સુગનુમલ માર્કેટમાં કે. મોહિની ક્રિએશનના પ્રોપરાઈટર સન્ની રામચન્દ્રખિયાની (રહે, જય ભોલે હોમ્સ નાના ચિલોડા અમદાવાદ તથા શ્યામ શિખર રેસિડેન્સી દહેગામ રોડ નરોડા અમદાવાદ), એ.જે.એલ એજન્સીના નામે કાપડ દલાલીનું કામ કરતા જયેશ લાલચંદ ચંદવાની (સુગનુમલ માર્કેટ રેવડી બજાર અમદાવાદ) (રહે, કૃષ્ણ બિહાર રેસિડેન્સી મંજીપુરા રોડ નડીયાડ ખેડા), મહાકાલ એજન્સીના કરણ રમેશલાલ આહુજા (રહે, આંબાવાડી સરદારનગર અમદાવાદ) અને અરબી એજન્સીના સંજય તુલસીદાસ સેવાની (રહે, સુમેલ બિઝનેશ પાર્ક કાંકરીયા રોડ અમદાવાદ) ની સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધીમાં આ વેપારીઓએ દલાલની મદદથી ૩૦ થી ૪૦ દિવસમાં પેમેન્ટ આપી દેવાનો વિશ્વાસ આપી તેમની પાસેથી રૂપિયા 2.33 લાખનો માલ ખરીદ્યો હતો. આ સિવાય બીજા 20 વેપારીઓ પાસેથી 1.22 કરોડનો મળી કુલ 1.24 કરોડનો ફીનીશ્ડ કાપડનો માલ ખરીદ્યો હતો. આરોપીઓએ સમય મર્યાદામાં માલનું પેમેન્ટ નહીં આપતા ધીરજ સહિતના વેપારીઓએ ઉઘરાણી કરતા શરૂઆતમાં પેમેન્ટ આપી દેવાના ખોટા વાયદાઓ કર્યા હતા. અને પછી ઉશ્કેરાઈને પૈસા નહીં મળે તમારાથી થાય તે કરી લો તેવી ધમકી આપી ઉઠમણું કરી ભાગી ગયા હતા. સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં વેપારીઓએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે વધારે તપાસ હાથ ધરી છે.

ગાંજાના જથ્થાની હેરાફેરી કરતા 17 વર્ષીય કિશોર સહિત બે પકડાયા

હજીરા-સાયણ રોડ પર વરિયાવ ગામ જકાતનાકા પાસેથી બંનેને ઝડપી 3.64 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

સુરતઃ શહેરના હજીરા-સાયણ રોડ પર વરિયાવ ગામ જકાતનાકા પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ગાંજાના જથ્થાની હેરાફેરી કરતાં 17 વર્ષના કિશોર સહિત બે વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપી પાસેથી 30 કિલો 300 ગ્રામ ગાંજાનો જથ્થો અને બાઇક મળી કુલ 3.64 લાખનો મુદ્દામાલ કબજે લીધો છે.

ક્રાઈમ બ્રાન્ચ પોલીસે વોચ ગોઠવી જીજે-05-પીએક્સ-1757 નંબરની બાઈકને અટકાવી પૂછપરછ કરતાં તેને પોતાનું નામ શાંતનુ નરેન્દ્ર જૈના (ઉ.વ.૨૦) (રહે., જોલવા પાટિયા, કડોદરા રોડ, સુરત તથા મૂળ ગંજામ, ઓડિસા) હોવાનું જણાવ્યું હતું. તેની સાથે 17 વર્ષનો કિશોર પણ હતો અને રૂપિયા 3.03 લાખનો 30 કિલો 300 ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બંને પાસેથી બે મોબાઈલ, રોકડા રૂપિયા 310 અને રૂપિયા 50,000ની બાઈક મળી કુલ રૂપિયા 3.64 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બંનેને મહિને 10 હજાર આપતા, વોટ્સએપ કોલથી ડિલિવરી મળતી

બંનેને મહિને 10 હજાર મળતા હતા. તેમને ગાંજાની ડિલિવરી અને પાર્સલ ક્યાં આપવાનું તેની વોટ્સએપ કોલ પર જાણ કરાતી હતી. જેથી પોલીસે તેમના મોબાઈલના સીડીઆર અને કોલ ડિટેઈલની માહિતીના આધારે ગાંજો મંગાવનાર અને આપનાર બંનેની તપાસ શરૂ કરી છે.

JEE મેઈનની પરીક્ષામાં સુરતની અનેક શાળાના વિદ્યાર્થીઓએ ડંકો વગાડ્યો

એન્જિનિયરિંગ માટે મહત્વની મનાતી JEE મેઈનની પરીક્ષામાં સુરતની અનેક શાળાના વિદ્યાર્થીઓએ પોતાનું હીર ઝળકાવ્યું હતું. આમ પણ છેલ્લા કેટલાક સમયથી સુરત શહેર એજ્યુકેશનનું હબ બનતું જાય છે ત્યારે અન્ય પરીક્ષાઓની જેમ આ પરીક્ષામાં પણ સુરતના વિદ્યાર્થીઓની બોલબાલા રહી હતી.

આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ જેઇઇ મેઇનનાં પરિણામમાં અગ્રેસર

આશાદીપ ગ્રૂપ ઓફ સ્કૂલ્સના વિદ્યાર્થીઓએ બાજી મારી હતી. સુરતમાં તેમના સૌથી વધુ વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ્ડ માટે ક્વોલિફાઇડ થયા છે. આશાદીપ શાળાનાં 8 વિદ્યાર્થીઓએ વિષય પ્રમાણે 100 પી.આર મેળવી સફળતાનો સીલસીલો યથાવત રાખ્યો છે. જેમાં મારકાના શ્રેય, બાવડીયા યશ, વેકરીયા પૂર્વજ, નાલીયાદરા યુગ, સાવલિયા ક્રીશ, શેલડીયા યશ્વી અને ઉકાણી વિશ્વ એ 100 પી.આર પ્રાપ્ત કર્યા છે. પરિણામ અંગે શાળાનાં સંચાલકોએ જણાવ્યું હતું કે સમગ્ર સુરતમાં સૌથી વધુ 495 વિદ્યાર્થીઓ પૈકી 406 વિદ્યાર્થીઓ એટલે કે 82.06 ટકા વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ્ડ-2024 માટે ક્વોલીફાઇડ થયા છે. દીપ બુહાએ 99.93 પી.આર સાથે શાળામાં મોખરાનું સ્થાન મેળવ્યું હતુ. આ ઉપરાંત રૂપારેલીયા ભવ્ય એ 99.90, લીંબાણી ઝીલ -99.84, પાનસુરીયા ઝીલ -99.83, વોરા રેનીશ 99.80, વાટલીયા સુહાની 99.78, ભીંગરાડિયા દક્ષ 99.77, મિસ્ત્રી રિતિક -99.75, ધામેલીયા ક્રીશ-99.75, બરવાડિયા યશ- 99.75, બવાડીયા યશ-99.65, પટેલ હેત-99.62, વિરડીયા નયન-99.57, રામાણી સુહાન-99.55, પાનેલીયા આયુષ-99.45, કાછડિયા ક્રીશ-99.45, ગોરસિયા દેવ 99.41, હપાણી દિશા-99.39, કુકડિયા પાર્થીલ-99.37, કાથરોટિયા રીધમ-99.37, મારકણા શ્રેય -99.32, લાઠીયા પિનાક 99.35 પી.આર મેળવ્યા હતા.

રવિવારી બજારમાં કાપડ વેચનારના પુત્ર યાજ્ઞિક હર્ષદ મારુએ JEE મેઇનમાં 99.72 PR મેળવ્યા

પી.પી.સવાણી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી યાજ્ઞિક હર્ષદ મારુએ JEE મેઇનમાં 99.72 PR મેળવ્યા હતા. અત્યંત સામાન્ય પરિસ્થિતિમાંથી આવનારા વિદ્યાર્થીએ 99.72 PR મેળવી સમગ્ર ગુજરાતમાં નામ રોશન કર્યું હતું. રવિવારી બજારમાં કાપડ વેચનારના પુત્રએ JEEના રિઝલ્ટમાં ડંકો વગાડ્યો છે. યાજ્ઞિકના પિતા હર્ષદભાઈ દરરોજ અલગ અલગ ખુલ્લી જગ્યામાં ભરાતી માર્કેટમાં કાપડ વેચી પોતાનું ગુજરાન ચલાવે છે. આ કામમાં તેમનાં માતા પણ સાથે સહકાર આપે છે. હાલ તેઓ સુરત ખાતે કતારગામ વિસ્તારની રમણનગર સોસાયટીમાં વસવાટ કરે છે. તેમનું વતન ભાવનગરનું તાવેડા ગામ છે.

મૌની ગ્રુપ ઓફ સ્કૂલના 87 વિદ્યાર્થીએ જેઇઇ એડ્વાન્સ માટે ક્વોલિફાઇડ

જેઇઇ મેઇન-2નાં જાહેર થયેલા પરિણામમાં સુરતની મૌની ગ્રૂપ ઓફ સ્કૂલનાં 87 જેટલા વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ્ડ માટે ક્વોલીફાઇડ થયા છે. જેમાં શાળાનાં વિદ્યાર્થી યુગ પોકળએ 99.71 પી.આર, જીલ ઠક્કરએ 99.50 પી.આર તેમજ અક્ષ ડાવરાએ 98.55 પી.આર અને ફેનીલ સાંગાણીએ 98.44 પી.આર જયારે લીંબાસીયા જયએ 98.43 પી.આર સાથે શ્રેષ્ઠ પરિણામ મેળવ્યુ હતુ.

સંસ્કારદીપ શાળાના વિદ્યાર્થીઓનો જેઇઇ મેઇન-2ની પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ

મોટાવરાછા ખાતે આવેલી સંસ્કારદિપ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ જેઇઇ મેઇન-2ની પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. શાળાનાં વિદ્યાર્થીઓ પૈકી હેત મકવાણાએ 99.55 પી.આર, મયુર સોરઠીયાએ 98.72, સ્મીત ગોયાણીએ 96.02 પી.આર સાથે શાળાનું નામ રોશન કર્યું હતુ.

લોકમાન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓનું દાખલારૂપ પરિણામ

મોરાભાગળમાં આવેલી લોકમાન્ય વિદ્યાલયમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ જેઇઇ મેઇન-2ની પરીક્ષામાં શ્રેષ્ઠત્તમ દેખાવ કર્યો હતો. મધ્યમવર્ગીય બાળકોને શાળા દ્વારા જ આપવામાં આવેલી તાલીમને અનુસરીને પ્રિયાંક પટેલએ 96.92 પી.આર, ઝીલ પટેલએ 94.39 પી.આર તેમજ હેનીલ પટેલએ 94.29 પી.આર. સાથે શાળાનું નામ રોશન કર્યું હતુ. શાળાનાં 15 વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ્ડ માટે ક્વોલિફાઇડ થયા છે.

આર્જવ દેસાઇએ રાજ્યમાં પ્રથમ આવી ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું છે

જેઇઇ મેઇન-2નાં પરિણામમાં પી.પી.સવાણી સ્કૂલના આર્જવ દેસાઈ એ ૯૯.૯૯ પી.આર સાથે મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ ગુજરાતી માધ્યમમાં પ્રાપ્ત કરી નામ રોશન કર્યું હતું. ગુજરાતી ભાષામાં અભ્યાસ કરીને પણ ઉચ્ચ કારકિર્દીનો રસ્તો બનાવી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ આર્જવે પૂરું પાડી સમગ્ર ભારતમાં ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું હતું

ભૂલકાં વિહાર સ્કૂલના 99 ટકા વિદ્યાર્થીઓ જેઇઇ એડ્વાન્સ માટે ક્વોલિફાઇડ

શહેરનાં ભાઠા ખાતે આવેલી ભૂલકા વિહાર શાળાનાં વિદ્યાર્થીઓએ પણ જેઇઇ મેઇનનાં પરિણામમાં તેજસ્વી દેખાવ કર્યો હતો. શાળાનાં વિદ્યાર્થીઓ પૈકી વ્રજ ભરતભાઇ ચાલોડીયાએ 99.66 પી.આર, કરણ ભૈરવભાઇ શુક્લાએ 99.64 પી.આર, રૂદ્ર હાર્દિકભાઇ શ્રોફએ 99.52 પી.આર, આદિત્ય ધર્મ જયેશભાઈએ 99.40, પ્રિન્સકુમાર આનંદભાઈ પટેલ 99.29 સાથે સફળ રહ્યા હતા. શાળાનાં 38 વિદ્યાર્થીઓ પૈકી 37 વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ્ડ માટે ક્વોલિફાઇડ થયા હતા.

જે.બી. એન્ડ કાર્પનાં 40 પૈકી 34 વિદ્યાર્થીઓ એડ્વાન્સ માટે ક્વોલિફાઇડ

ભાવનગર જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી.એન્ડ કાર્પ વિદ્યાસંકુલનાં ધોરણ-12 સાયન્સનાં વિદ્યાર્થીઓએ જેઇઇ મેઇન-2ની પરીક્ષામાં 40 પૈકી 34 વિદ્યાર્થીએ એડવાન્સ માટે ક્વોલીફાઇ થયા છે. જેમાં પ્રિત ઝાલાવાડીયાએ 98.96 પી.આર સાથે શાળામાં પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે ઉત્સવ ઉકાણીએ 98.44 પી.આર, અને જેનિશ નાકરાણીએ 98.40 પી.આર સાથે સફળ રહી શાળાનાં ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યું હતું.

નારાયણ કોચિંગ ક્લાસીસના વિદ્યાર્થીઓ ઝળક્યા

નારાયણની અડાજણ શાખાનાં ડારેક્ટર મિહીર શાહે જણાવ્યું હતું કે નારાયણ સુરતનાં રોમીલ સોજીત્રાએ 99.85, વિરાજ પીઠવાએ 99.81, સિધ્ધ જૈનએ 99.73 પી.આર સાથે સફળતા મેળવી હતી. નારાયણનાં તેજસ્વી વિદ્યાર્થીઓએ દેશની જાણિતી એન્જિનયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવવાની મહેચ્છા દર્શાવી હતી. પરિણામમાં સિધ્ધ જૈનએ ફિઝીક્સમાં 100 પર્સન્ટાઇલ રેન્ક મેળવ્યા હતા.

વિશ્વ મલેરિયા દિવસે જ 11,529 ઘરમાંથી મચ્છરનાં બ્રિડિંગ મળ્યાં

100થી વધુ લોકોને આરોગ્યલક્ષી નોટિસ ફટકારાઇ, 1.69 લાખ રૂપિયાનો વહીવટી ખર્ચ વસૂલાયો

સુરત : વિશ્વભરમાં ૨૫ એપ્રિલને વિશ્વ મેલેરિયા દિન તરીકે ઉજવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિનની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ માટે શહેરનાં વિવિધ વિસ્તારોમાં લોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ 4 આરોગ્ય કેન્દ્ર, 4 ઝોન ઓફિસ, ટ્રાફિક સર્કલ પર, સરકારી ઈમારતો વિગેરે પર મચ્છરજન્ય રોગોથી બચવાના ઉપાયો તેમજ રોગની જાણકારી આપવામાં આવી હતી. વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ મેલેરિયા માટે હાઈરિસ્ક વિસ્તારો, સ્લમમાં બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્ય રોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા પ્રિમોન્સૂન કામગીરી કરવામાં આવી રહી છે જેમાં સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ, આંગણવાડીઓ, શાળાઓ ખાનગી અને સરકારી હોસ્પિટલો, ક્લિનિક, લેબોરેટરીઓ, 4 અર્બન હેલ્થ સેન્ટરોમાં આવેલી ટાંકીઓ મચ્છર ઉત્પત્તિ થઈ શકે તેવા પાત્રો, કુંડા અને કાટમાળનું ચેકિંગ કરાયું હતું. ઉપરાંત ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૨૧,૨૨,૦૭૪ ઘરોનાં સર્વે કરાતા ૧૧,૫૨૯ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. તેમજ પેરીડોમેસ્ટીક (એન્ટી લાર્વલ)ની કામગીરી દરમ્યાન ૧૨,૬૩૧ જેટલા બાંધકામો સર્વે કરતા ૯૪૨૩ બ્રિડીંગ મળી આવ્યા હતા. જેનો જંતુનાશક દવા વડે નાશ કરવામાં આવ્યો છે તથા બ્રિડીંગ મળવા બદલ ૨૪૨૭ ઈસમોને નોટિસ આપવામાં આવી છે અને ૧,૬૯,૮૨૫૦ રૂપિયા વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો છે.

રાંદેરના જૈન વેપારીને હનીટ્રેપમાં ફસાવનાર બે મહિલા સહિત ત્રણની ધરપકડ

મંદિરનું માપ લેવા વેપારી રૂમમાં ગયો અને મહિલાએ દરવાજો બંધ કરી કપડાં કાઢ્યાં હતાં

મહિલા સાથે રૂમમાં પકડ્યા બાદ પોલીસ કેસ કરવાની ધમકી આપી 17 લાખનો તોડ કર્યો

સુરતઃ રાંદેરમાં રહેતા અને પાલમાં વેપાર કરતા જૈન વેપારીને એક મહિલાએ મંદિરનું માપ લેવાના બહાને બોલાવ્યો હતો. અને બાદમાં એક મહિલાએ રૂમ બંધ કરી કપડા કાઢી ઊભી રહી ગઈ હતી. તે સમયે અજાણ્યા ત્યાં પહોંચી ગયા હતા. અને વેપારીનો 17 લાખનો તોડ કર્યો હતો. આ ગુનામાં પોલીસે અગાઉ કેટલાક આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં મુખ્ય બે મહિલા સહિત બીજા ત્રણની ધરપકડ કરી છે.

રાંદેર ખાતે રહેતા જૈન વેપારીને એક મહિલા મકાનમાં મંદિરનું માપ લેવાના બહાને જહાંગીરપુરા ખાતે સંસ્કૃતિ પાર્ક રો-હાઉસમાં એક બંગલામાં લઈ ગઈ હતી. જ્યાં હાજર મહિલાએ મેડમ આવશે તમે બેસો કહીને વેપારીને બેસાડ્યા હતા. અને બીજી મહિલાએ આવીને તેમને રૂમમાં લઈ જઈ દરવાજો બંધ કરી દીધો હતો. મહિલાએ બેડરૂમનો દરવાજો બંધ કરી સ્ટોપર મારી પોતાના કપડાં ઉતારવા માંડ્યા હતા. અને એજ સમયે ત્યાં અજાણ્યા ઘસી આવ્યા હતા. અને વેપારીને આવા ધંધા કરો છો કહીને ધમકાવી તેમની પાસે 17 લાખ પડાવ્યા હતા. આ ગુનામાં પોલીસે નવસારી ફાર્મમાંથી ચારની ધરપકડ કરી હતી. ત્યારપછી બીજા બે આરોપીની ધરપકડ કરાઈ હતી. અને ગઈકાલે આરોપી યાજ્ઞિક પ્રવિણભાઈ લાઠિયા (ઉ.વ.૨૬, રહે- વાલમનગર સોસાયટી, સીમાડા ગામ, સરથાણા તથા મૂળ મહુવા, ભાવનગર) ની ધરપકડ કરી છે. આ સિવાય ચા નાસ્તાની લારી ચલાવતી મહિલા દુર્ગાદેવી ઉર્ફે દક્ષા મહેશભાઈ બલદાણિયાની પત્ની અને ભંવરભારતી શંભુભારતી ગોસ્વામીની પુત્રી (ઉ.વ.૩૬, રહે. ઈશ્વર દર્શન એપાર્ટમેન્ટ, કુંભારિયા ગામ, પુણા તથા મુળ જેસર, ભાવનગર) અને બ્યુટી પાર્લર ચલાવતી કેતકીબેન ઉર્ફે કાજલ તે રમેશભાઈ મુંજપરાની પુત્રી (ઉ.વ.૩૦, રહે- રાધે વિલા એપાર્ટમેન્ટ, નનસાડ રોડ, નનસાડ ગામ તા-કામરેજ જી-સુરત મૂળ રહે ખેંગારપુર તા.લાલપુર જી-જામનગર) ની ધરપકડ કરી છે.

હોટલ રેટિંગ-બીટકોઈન બાય-સેલના નામે પહેલા ખાતામાં 1200 જમા કરાવ્યા અને બાદમાં 5.24 લાખની ઠગાઈ

ગોડાદરામાં રહેતા યુવાનને છેતરી લેવાતાં પોલીસ ફરિયાદ કરાઈ

સુરતઃ ગોડાદરામાં રહેતા અને પીપલોદ ખાતે આવેલી એક કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા યુવક પાસે ટેલીગ્રામ ઉપર આઈડી બનાવડાવી ગૂગલ મેપ ઉપર હોટલ રેટિંગ તથા રિવ્યુ આપવાના તેમજ બિટકોઈન બાય અને સેલ કરવાના ટાસ્કના નામે 5.24 લાખ પડાવી લેવાયા હતા. આ બનાવ અંગે ગુનો નોંધાતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી મુજબ ગોડાદરા ખાતે શ્યામસૃષ્ટી એપાર્ટમેન્ટમાં રહેતા 27 વર્ષીય ચેતનભાઈ ભગવતીપ્રસાદ હોલાણી મૂળ રાજસ્થાનના વતની છે અને પીપલોદ સ્થિત ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ગઇ તારીખ 2 જાન્યુઆરીએ તેમને અજાણ્યા નંબરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં સામેથી એક મહિલાએ દિવ્યા સાનવી નામની ઓળખ આપી પાર્ટ ટાઇમ વર્ક ફ્રોમ હોમની વાત કરી હતી. અને ગૂગલ મેપ ઉપર હોટલ રેટિંગ તથા રિવ્યુ આપવાથી સારું કમિશન આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે ટેલીગ્રામ પર એક લિંક મોકલી હતી. તેમાં રજિસ્ટ્રેશન કરાવી સૌ પ્રથમ રેટિંગ તથા રિવ્યુ ટાસ્ક પૂરા કરતા 1200 રૂપિયા તેમના ખાતામાં જમા થયા હતા. બાદમાં બિટકોઈન બાય-સેલ કરવાના ટાસ્ક પૂરા કરશો તો સારું વળતર આપવામાં આવશે તેમ જણાવી ફરી એક લિંક મોકલી હતી. અને આ ઠગ ટોળકીએ જુદા-જુદા સમયગાળામાં અલગ-અલગ બિટકોઈન બાય/સેલ કરવાના ટાસ્ક આપી જુદા-જુદા બહાના હેઠળ ઓનલાઈન 5.50 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. તેમાંથી ચેતનને ટુકડે-ટુકડે 24,276 પરત આપી બાકીના 5.24 લાખ પરત નહી આપી છેતરપિંડી કરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બાળકોની અપીલ, સુરત માટે નિઃરસ

■ વેડ રોડ ગુરુકુળના નિર્દોષ બાળકોએ મતદાન સંદર્ભે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. નેતાઓ આ બાળકોમાંથી કોઈ બોધપાઠ મેળવે તો સારું. **(તસવીરઃ સતીષ જાદવ)**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

તમારા વડીલ માટે
એક ઉત્તમ ઘર જ્યાં મળશે તેમને દરેક પ્રકારની ફેસીલીટી એક રૂમમાં ફક્ત 3 લોકો, એટેચ (બાથરૂમ-ટોઈલેટ) ACની સુવિધા મળશે, તો આજે લ્યો મેઘસાગર વૃદ્ધાશ્રમની મુલાકાત, 9727960362, 9601160362 (150)

મિલ્કત ભાડે-વેચાણ

ગોડાઉન વેચવાનું છે
ઓફિસ ભાડે આપવાની છે. પ્રાઈમ ચેમ્બર્સ, નાનપુરા ખારવાવાડ 8238682686

દુકાન વેચાણ/ભાડેથી
આપવાની છે. ગ્રાઉન્ડ ફ્લોર (G-34 - 35 & 36) એટલાન્ટા શોપીંગ મોલ, અલથાણ, સુરત, 8141752814, 9104890631 (112)

મિલ્કત વેચવાની છે

વેસુ વિસ્તારમાં
4BHK ફ્લેટ વેચવાનો છે. 9825481404 (129)

વેચવાનું છે
સુરત શહેરના પોશ વિસ્તાર નાનપુરામાં જૂની કોર્ટ પાસે સારી ભાડા આવક ધરાવતું મોટું ગોડાઉન. મો. 9824112868 (146)

ફ્લેટસ વેચવાના છે
સુંદર અને સરસ 3 BHK સુરત શહેરના પોશ વિસ્તાર નાનપુરામાં જૂની કોર્ટ પાસે મો. 9824112868 (147)

Sale 2 BHK,
3 બાથરૂમ, 2 બાલ્કની, ફુલ ફર્નિશ્ડ, વીથ ઈલેક્ટ્રોનીક, 3 AC, સોમેશ્વર ચાર રસ્તા, વેસુ ફોન-7284004318 (155)

વાહન વેચાણ

આઈસર ટેમ્પો
Pro 1055 CFSD 2020-2021 વેચવાનો છે Jayeshbhai 9825147123 7802010101 (143)

નોકરી વિષયક

પરયુરણ કામ માટે
માણસ જોઈએ, આકર્ષક પગાર, મીલન ગ્લાસ, ચૌટાપુલ નીચે, 9825188904 (111)

જોઈએ છે
સવારપાળી તથા બપોરપાળી ગુજરાતી માધ્યમમાં બાલભવનથી ધોરણ 12 સુધી ભણાવી શકે તેવા BABed, MABed, MCOM Bed, BCA, MCA, ATD લાયકાત ધરાવનાર ઉત્સુક ઉમેદવારોએ સ્વખર્ચે અરજી પાસપોર્ટ સાઈઝ ફોટા, અસલ પ્રમાણપત્ર સાથે રૂબરૂ હાજર રહેવું, સ્થળ- શ્રી ભગવતી વિદ્યાલય, A/5- પારસ સોસાયટી, કતારગામ રોડ, સુરત (149)

ફાર્મ હાઉસ વેચવાનું છે
કુદરતી સૌંદર્યમાં નદી કિનારે, આંબાનાં ઝાડો સાથેનું રેડી પઝેશનમાં
9099654868

ડિલિવરી માટે મારૂતિ
વેન ડ્રાઈવર, પગાર 13000, સમય 9:30 થી 6:30 સુરતના લોકલ કોન્ટેક્ટ કરો. 7984564113

જોઈએ છે
અઠવાગેટ વિસ્તારમાં આવી શકે તેવા રસોઈવાળા બહેન મો.9265609650 (145)

અડાજણ ચોકસી વાડી પાસે
ગોડાઉન + 3 માળ (3 BHK), વાળી નવી મિલકત વેચવાની છે.
9825608400
9825108300

જાણીતા જવેલર્સને
નવા શોરૂમ વેસુબ્રાંચ માટે જોઈએ છે સેલ્સમેન/ગર્લ (સ્માર્ટ/પ્લેઝન્ટ પર્સનાલિટી) ફ્લોર મેનેજર (લીડરશીપ/ મોટીવેશનલ ક્વોલીટી) ગ્રાફિક ડિઝાઈનર (કોરલ ડ્રો, ફોટોશોપના અનુભવી) કોમ્પ્યુટર ઓપરેટર (ડેટાએન્ટ્રી માટે) રિસેપ્શનીસ્ટ (સ્માર્ટ) આકર્ષક પગાર અનુભવ અને લાયકાત મુજબ. તા. ૨૬,૨૭ અને ૨૮ એપ્રિલના રોજ બાયોડેટા સાથે ૧૧ થી ૫માં રૂબરૂ મળો. ફોટો અને રીઝયુમ વોટ્સએપ / ઈમેઈલ કરો . 7046008301 Email: dipakchokshi11@ gmail. com ડી. ખુશાલભાઈ જવેલર્સ, શ્રીખાટુ શ્યામજીમંદિર નજીક, શ્યામપ્લાઝા, વીઆઈપી રોડ, વેસુ, સુરત. (160)

જોઈએ છે
ફિઝિયોથેરાપી કિલનીક માટે લેડીસ સ્ટાફ અને ફિઝિયોથેરાપિસ્ટ સંપર્ક કરો. 9824179929, 9586674451

જોઈએ છે
10 વર્ષનો અનુભવી ડ્રાઈવર મળો. પગાર- 15000/- સેલેસ્ટીયલ ડ્રીમ, D-1002, જી. ડી. ગોયન્કા સ્કુલની સામે કેનાલ રોડ, સુરત.9825121705 (157)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

માકૃપા 7 જુન
અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીંગ, કોલાપુર, મહાલક્ષ્મી તિરૂપતિ, પંઢરપુર, તુરજાપુર, 9426741783 (153)

ચાર ધામ યાત્રા 8 મે
14 દિવસ ચોક્કસ ઉપડશે, બદ્રીકેદાર, ગંગોત્રી યમનોત્રી હરિદ્વાર, ઋષિકેશ, રહેવા જમવા+ ટ્રેનટિકિટ સાથે ઓનેસ્ટ હોલી ડે જ્યેશભાઈ 9426864486. (154)

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે 2 x 2 દ્વારા, ચારધામ બદ્રીનાથ, કેદારનાથ, સાથે હરિદ્વાર તા. 9/5 21/5, 8/6/2024, 5/9, 20/9 અને 6/10/2024 દિવસ-14-15, દક્ષિણ ભારત, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, તા.3/7 અને 21/7 દિ-7/8, દક્ષિણ ભારત, બેંગ્લોર, માયસોર, ઉટી સાથે કન્યાકુમારી, મદુરાઈ, તિરૂપતિ, તા.15/9 અને 2/10, રોયલ કાશ્મીર, તા. 15/9 દિ. 10-11 અને 3/11, બુકિંગ ચાલુ છે, સંપૂર્ણ સગવડતા સહિત મળો- દીપકભાઈ બોડીવાલા 9825144143, મુકેશભાઈ કાપડીયા- 9428993000 ન્યુ રાંદેર રોડ, સુરત (108)

રણજીતભાઈ 9427113317
(એસી) સ્લીપીંગમાં છ જ્યોતિલીંગ, શ્રીસેલમ-હૈદરાબાદ (જુનમાં) હોટલમાં (113)

ક્ષેત્રપાલ ટૂર્સ.
(ચારધામ, બદ્રીકેદાર 25-05)(સ્પે. કાશ્મીર 20- 05) (અમરનાથ યાત્રા 15- 07) (નેપાળ, કાઠમંડુ, પોખરા, અયોધ્યા, વારાણસી 13-05) (બેંગ્લોર, મૈસૂર, ઉટી, મદુરાઈ, કુર્ગ, વાયનાડ, રામેશ્વરમ, તિરુપતિ 11-06)(કોલકાતા, ગંગાસાગર, જગન્નાથપુરી 06-06, 20-06) 9825105053. (158)

ઓમસાંઈ ટ્રાવેલ્સ
AC સ્લીપર (નેપાળ, જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યા, અયોધ્યા, છપૈયા, બનારસ 24 દિવસ 12-05) (હરિદ્વાર, ગોકુળ, મથુરા, અયોધ્યા, છપૈયા, બનારસ, ઉજ્જૈન 15 દિવસ 12-05) 7878674257 (159)

વ્યવસાયીક જ્યોતિષ

નર્મદા કિનારે
કાલસર્પ પિત્રુદોષ નિવારણ અમાવસે, જન્મ પત્રિકા મા